**ફોજદારી કેસ નંબર–૯૪૯/૨૦૧૯**

| | |
|---|---|
| GJJM090010282019 | કેસ દાખલ તા.: ૨૨/૦૭/૨૦૧૯ |
| | કેસ નોંધ્યા તા.: ૨૨/૦૭/૨૦૧૯ |
| | ઠરાવ જાહેર તા.: ૧૫/૦૪/૨૦૨૬ |
| | અવધિ: ૬ વર્ષ, ૮ માસ, ૨૪ દીવસ |

**જોડીયાના મહેરબાન જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા**

**આંક–**

**ફરીયાદી......** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી......** (૧) આમદભાઈ હુસેનભાઈ ખલીફા
ઉ.વ.–૩૮, ધંધો–ડ્રાઈવીંગ
રહે. ઝુપડપટ્ટી, અંજાર, તા.અંજાર, જિ.કચ્છ

(૨) મહેન્દ્રસિંહ ચનુભા જાડેજા
રહે. ઉ.વ.૩૩, ધંધો–વેપાર
રહે. તારાણા ગામ, તા.જોડીયા, જિ.જામનગર

**ગુનો:**–ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૭, ૧૨૦બી મુજબ

| | |
|---|---|
| ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીઃ | શ્રી એન.કે.પરમાર |
| બચાવપક્ષ તરફે વિ. વકિલશ્રીઃ | શ્રી આર.બી.પંડ્યા |

**<u>–:: ચુકાદો ::–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપી નંબર–૨ નાઓએ આરોપી નંબર–૧ નાઓને તારીખ ૨૨/૦૬/૨૦૧૯ ના રોજ કલાક ૧૧/૧૦ વાગ્યાના સુમારે ગોકુલ હોટલ, તારાણા, તા.જોડીયા, જિ.જામનગર મુકામે બોલાવી ડીઝલ ટેન્કર નંબર–જી.જે.૧૨.બી.ડબલ્યુ. ૭૦૪૮ના ફ્યુલ ટેન્કમાંથી ૩૫ લીટર ડીઝલ કાઢી પુર્વ આયોજિત કાવતરૂ રચી એકબીજાની મદદગારી કરી ડીઝલ ટેન્કરના માલીક સાથે વિશ્વાસઘાત કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૭, ૧૨૦બી મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ. જે બાબતે જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ ફરીયાદ આપતા તે ફર્સ્ટ ગુના રજી. નં.૧૪/૨૦૧૯ થી નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપીઓ સામે પુરતો પુરાવો જણાઇ આવતા આરોપીઓ વિરૂદ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલુ.

(૨) આ કામે આરોપીઓને પ્રોસેસની બજવણી થતા, આરોપીઓ અદાલત સમક્ષ હાજર થયેલ હોય, આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ. આરોપીઓ સામે આંક–૨૬ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તેઓની સામે ફરમાવેલ તહોમત અંગે આરોપીની આંક–૨૭ તથા આંક–૨૮ થી પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઇન્કાર કરેલ, જેથી આ કામે ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરુઘ્ઘ પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છેઃ–

**<u>–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવા :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ ભગીરથસિંહ હનુભા જાડેજાની જુબાની | ૩૨ |
| ૨ | પંચનામાની ખરી નકલ | ૩૩ |
| ૩ | ફરીયાદી ભગીરથસિંહ અનોપસિંહ જાડેજાની જુબાની | ૩૪ |
| ૪ | ફરીયાદની ખરી નકલ | ૩૫ |
| ૫ | સાહેદ રાજેશભાઇ કાથળભાઇ મકવાણાની જુબાની | ૪૩ |
| ૬ | પંચ સાહેદ હુશેન ઇબ્રાહીમ નાંધીયાની જુબાની | ૫૫ |
| ૭ | સાહેદ હીરાભાઇ બાબુભાઇ સોઢીયાની જુબાની | ૫૬ |
| ૮ | સાહેદ પ્રદીપભાઇ આયદાનભાઇ ડાંગરની જુબાની | ૬૦ |
| ૯ | ત.ક.અ. અજયભાઇ ભીમજીભાઇ ચાવડાની જુબાની | ૭૦ |
| ૧૦ | સાહેદ ગોવિંદભાઇ ભુરાજી ભાટીની જુબાની | ૭૨ |

આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી પુરાવો પુરો થયાનું હોવાનુ જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીઓએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકિકતનો સ્વિકાર કરેલ છે. જ્યારે બાકીના પુછવામાં આવેલ પ્રશ્નોનો ઇન્કાર ભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઇન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજુઆત કરેલ છે.

(૫) ત્યાર બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) ઉપરોક્ત હકિકતો તેમજ રજુ થયેલ પુરાવો તથા કાયદાની જોગવાઇઓ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નંબર–૨ નાઓએ આરોપી નંબર–૧ નાઓને તારીખ ૨૨/૦૬/૨૦૧૯ ના રોજ કલાક ૧૧/૧૦ વાગ્યાના સુમારે ગોકુલ હોટલ, તારાણા, તા.જોડીયા, જિ.જામનગર મુકામે બોલાવી ડીઝલ ટેન્કર નંબર– જી.જે.૧૨.બી.ડબલ્યુ. ૭૦૪૮ના ફ્યુલ ટેન્કમાંથી ૩૫ લીટર ડીઝલ કાઢી પુર્વ આયોજિત કાવતરૂ રચી એકબીજાની મદદગારી કરી ડીઝલ ટેન્કરના માલીક સાથે વિશ્વાસઘાત કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૭, ૧૨૦બી મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં. |
| (૨) | આખરી હુકમ મુજબ. |

**–:: કારણો ::–**

**(૮) મુદ્દા નંબર ૧ ::–**

ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવો જોઇએ. બચાવપક્ષે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઇએ અને જો કોઇ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઇએ. જો આવા કોઇ વિશેષ પુરાવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઇએ તેવુ કાયદાનું ધોરણ છે.

**(૮.૧)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૩ વાળા પંચનામાનાં પંચ સાહેદ ભગીરથસિંહ હનુભા જાડેજાનાઓને આંક–૩૨ થી તપાસવામાં આવેલ છે તથા પંચ સાહેદ હુશેન ઇબ્રાહીમ નાંધીયાનાઓને આંક–૫૫ થી તપાસવામાં આવેલ છે. જેઓ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. એ સિવાયની પંચનામાની કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા પંચનામાની કોઇ હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આંક–૩૨ વાળા પંચ સાહેદને ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી. આમ, સદર પંચ સાહેદોના પુરાવાથી પંચનામું સાબીત થતુ નથી.

**(૮.૨)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૪ થી ફરીયાદી ભગીરથસિંહ અનોપસિંહ જાડેજાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તારીખ ૨૨/૦૬/૨૦૧૯ ના તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો એ.એસ.આઇ. એ.બી.ચાવડા સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો. રાજેશભાઇ

કાથળભાઈ મકવાણાને હકીકત મળેલ કે તારાણા ગામ પાસે આવેલ હોટલના કંપાઉન્ડમાં ડીઝલ કાઢે છે તેવી હકીકત મળતા કલાક ૧૧:૧૦ વાગ્યે પંચો રૂબરૂ રેઈડ કરતા બે ઈસમો હાજર હોય પંચો રૂબરૂ મજકુરનુ નામઠામ પુછતા જેમાં એક હોટલના સંચાલક મહેન્દ્રસિંહ જાડેજા અને બીજા ટ્રકના ડ્રાઈવર આમદ હુશેન ટ્રકની ફ્યુઅલ ટેન્કમાંથી ડીઝલ નળી વડે કાઢી રહયા હતા, ટ્રક, નળી તથા કેરબા કુલ મળી રૂા.૩૮,૧૩,૬૨૦/– રૂપિયાનો મુદ્ધામાલ પંચો રૂબરૂ એ.એસ.આઈ. એ.બી.ચાવડાએ કબ્જે કરેલ હતો. જે અંગેની તેઓએ આઈ.પી.સી. કલમ ૪૦૭, ૧૨૦(બી) મુજબની ફરીયાદ આપેલી અને તેઓ ફરીયાદ પોતાની સહી ઓળખી બતાવી આંક–૩૫ થી ફરીયાદ રજુ કરેલ છે અને બન્ને આરોપીઓને ૧૨:૧૦ વાગ્યે અટક કરેલા અને આરોપીઓને જોયે ઓળખે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, આરોપી મહેન્દ્રસિંહ જામનગર કંડલા હાઈવે પર તારાણા પાસે ગોકુલ હોટલ ચલાવે છે, આ હોટલ પર કચ્છથી જામનગર અને જામનગરથી કચ્છ જતાં ટ્રકો બીજા મોટા વાહનો ચા, પાણી જમવા માટે રોકાય છે, આરોપીઓ ક્યા નંબરના ટેન્કરમાંથી ડીઝલ કાઢતા હતા તે તેઓએ પોતાની ફરીયાદમાં જણાવેલ નથી. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

**(૮.૩)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૩ થી સાહેદ રાજેશભાઈ કાથળભાઈ મકવાણાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તારીખ ૨૨/૦૬/૨૦૧૯ ના તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો એ.એસ.આઈ. એ.બી.ચાવડા સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો. ભગીરથસિંહ અનોપસિંહ જાડેજા તથા તેઓને હકીકત મળેલ કે તારાણા ગામ પાસે આવેલ હોટલના કંપાઉન્ડમાં ડીઝલ કાઢે છે તેવી હકીકત મળતા કલાક ૧૧:૧૦

વાગ્યે પંચો રૂબરૂ રેઈડ કરતા બે ઈસમો હાજર હોય પંચો રૂબરૂ મજકુરનુ નામઠામ પુછતા જેમાં એક હોટલના સંચાલક મહેન્દ્રસિંહ જાડેજા અને બીજા ટ્રકના ડ્રાઈવર આમદ હુશેન ટ્રક જેના રજીસ્ટર્ડ નંબર: જીજે.૧૨.બીડબલ્યુ.૭૦૪૮ ની ફ્યુઅલ ટેન્કમાંથી ડીઝલ નળી વડે કાઢી રહયા હતા, ટ્રક, નળી તથા કેરબા કુલ મળી રૂા.૩૮,૧૩,૬૨૦/– રૂપિયાનો મુદ્દામાલ પંચો રૂબરૂ એ.એસ.આઇ. એ.બી.ચાવડાએ કબ્જે કરેલ હતો જે અંગેની સાથેના પો.કો. ભગીરથસિંહ અનોપસિંહ જાડેજા નાઓએ આઈ.પી.સી. કલમ ૪૦૭, ૧૨૦(બી) મુજબની ફરીયાદ આપેલી બન્ને આરોપીઓને ૧૨:૧૦ વાગ્યે અટક કરેલા અને તપાસ કરનારે તેઓનુ નિવેદન લીધેલુ અને આરોપીઓને જોયેથી ઓળખે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, આરોપી મહેન્દ્રસિંહ જામનગર કંડલા હાઈવે પર તારાણા પાસે ગોકુલ હોટલ ચલાવે છે, આ હોટલ પર કચ્છથી જામનગર અને જામનગરથી કચ્છ જતાં ટ્રકો બીજા મોટા વાહનો ચા, પાણી જમવા માટે રોકાય છે. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

(૮.૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૫૬ થી સાહેદ હીરાભાઇ બાબુભાઈ સોઢીયાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તારીખ ૨૨/૦૬/૨૦૧૯ ના તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો એ.એસ.આઈ. એ.બી.ચાવડા સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો. ભગીરથસિંહ અનોપસિંહ જાડેજા તથા પો.કો. રાજેશભાઈ કાથળભાઈ મકવાણા નાઓને હકીકત મળેલ કે તારાણા ગામ પાસે આવેલ હોટલના કંપાઉન્ડમાં ડીઝલ કાઢે છે તેવી હકીકત મળતા કલાક ૧૧:૧૦ વાગ્યે પંચો રૂબરૂ રેઈડ કરતા બે ઈસમો હાજર હોય પંચો રૂબરૂ મજકુરનુ નામઠામ પુછતા જેમાં એક હોટલના

સંચાલક મહેન્દ્રસિંહ જાડેજા અને બીજા ટ્રકના ડ્રાઈવર આમદ હુશેન ટ્રક જેના રજીસ્ટર્ડ નંબર: જીજે.૧૨.બીડબલ્યુ.૭૦૪૮ ની ફયુઅલ ટેન્કમાંથી ડીઝલ નળી વડે કાઢી રહયા હતા, ટ્રક, નળી તથા કેરબા કુલ મળી રૂા.૩૮,૧૩,૬૨૦/– રૂપિયાનો મુદ્દામાલ પંચો રૂબરૂ એ.એસ.આઇ. એ.બી.ચાવડાએ કબ્જે કરેલ હતો જે અંગેની સાથેના પો.કો. ભગીરથસિંહ અનોપસિંહ જાડેજા નાઓએ આઇ.પી.સી. કલમ ૪૦૭, ૧૨૦(બી) મુજબની ફરીયાદ આપેલી બન્ને આરોપીઓને ૧૨:૧૦ વાગ્યે અટક કરેલા અને તપાસ કરનારે તેઓનુ નિવેદન લીધેલુ અને આરોપીઓને જોયેથી ઓળખે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, આરોપી મહેન્દ્રસિંહ જામનગર કંડલા હાઈવે પર તારાણા પાસે ગોકુલ હોટલ ચલાવે છે, આ હોટલ પર કચ્છથી જામનગર અને જામનગરથી કચ્છ જતાં ટ્રકો બીજા મોટા વાહનો ચા, પાણી જમવા માટે રોકાય છે. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

**(૮.૫)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૬૦ થી સાહેદ પ્રદીપભાઈ આયદાનભાઈ ડાંગરનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તારીખ ૨૨/૦૬/૨૦૧૯ ના તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો એ.એસ.આઇ. એ.બી.ચાવડા સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો. ભગીરથસિંહ અનોપસિંહ જાડેજા તથા તથા પો.કો. રાજેશભાઈ કાથળભાઈ મકવાણા નાઓને હકીકત મળેલ કે તારાણા ગામ પાસે આવેલ હોટલના કંપાઉન્ડમાં ડીઝલ કાઢે છે તેવી હકીકત મળતા કલાક ૧૧:૧૦ વાગ્યે પંચો રૂબરૂ રેઈડ કરતા બે ઈસમો હાજર હોય પંચો રૂબરૂ મજકુરનુ નામઠામ પુછતા જેમાં એક હોટલના સંચાલક મહેન્દ્રસિંહ જાડેજા અને બીજા ટ્રકના ડ્રાઈવર આમદ હુશેન ટ્રક જેના રજીસ્ટર્ડ નંબર: જીજે.૧૨.બીડબલ્યુ.૭૦૪૮ ની ફયુઅલ ટેન્કમાંથી

ડીઝલ નળી વડે કાઢી રહયા હતા, ટ્રક, નળી તથા કેરબા કુલ મળી રૂા.૩૮,૧૩,૬૨૦/– રૂપિયાનો મુદ્દામાલ પંચો રૂબરૂ એ.એસ.આઇ. એ.બી.ચાવડાએ કબ્જે કરેલ હતો જે અંગેની સાથેના પો.કો. ભગીરથસિંહ અનોપસિંહ જાડેજા નાઓએ આઇ.પી.સી. કલમ ૪૦૭, ૧૨૦(બી) મુજબની ફરીયાદ આપેલી બન્ને આરોપીઓને ૧૨:૧૦ વાગ્યે અટક કરેલા અને તપાસ કરનારે તેઓનુ નિવેદન લીધેલુ અને આરોપીઓને જોયેથી ઓળખે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, આરોપી મહેન્દ્રસિંહ જામનગર કંડલા હાઇવે પર તારાણા પાસે ગોકુલ હોટલ ચલાવે છે, આ હોટલ પર કચ્છથી જામનગર અને જામનગરથી કચ્છ જતાં ટ્રકો બીજા મોટા વાહનો ચા, પાણી જમવા માટે રોકાય છે. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઇન્કાર કરેલ છે.

**(૮.૬)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૭૦ થી તપાસ કરનાર અમલદાર અજયભાઇ ભીમજીભાઇ ચાવડાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તારીખ ૨૨/૦૬/૨૦૧૯ ના રોજ જોડિયા પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઇ. તરીકે ફરજ પર હતા તે દરમ્યાન તેઓ અને પો.કો. હીરાભાઇ બાબુભાઇ તથા પો.કો. રાજેશભાઇ કાથળભાઇ, પો.કો. પ્રદિપભાઇ આયદાનભાઇ ડાંગર કલાક ૯:૦૦ વાગ્યાથી બાલંભા આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કલાક ૧૦:૩૦ વાગ્યે બાલંભા ગામ પાટીયા પાસે હાઇવે રોડ પર પહોંચતા સાથેના પો.કો. રાજેશભાઇ કાથળભાઇ મકવાણાને ખાનગી રાહે હકીકત મળેલ કે તારાણા ગામ પાસે આવેલ ગોકુલ હોટલના સંચાલક મહેન્દ્રસિંહ ચનુભા જાડેજા, રહે. તારાણા વાળા તથા હાઇવે પરથી પસાર થતા ટેન્કરના ચાલક મળીને ગોકુલ હોટલે ટેન્કરમાંથી ડીઝલ કાઢતા હોવાની બાતમી મળતા બે રાહદારી પંચો બોલાવી પંચ નં.૧

ભગીરથસિંહ હનુભા જાડેજા, પંચ નં.૨ હુશૈનભાઇ ઇબ્રાહીમભાઇ નાઓએ હકીકતની સમજ કરી કલાક ૧૧:૧૦ વાગ્યે બાતમીવાળી જગ્યાએ પંચો રૂબરૂ રેઇડ કરેલ જયાં હોટલના આગળના ભાગે એક ટેન્કરમાંથી બે ઇસમ ટેન્કરના સાઇડના ભાગે આવેલ ડીઝલની ટાંકીમાંથી પ્લાસ્ટીકની પાઇપ દ્વારા પ્લાસ્ટીકના કેરબામાં ડિઝલ કાઢતા હોય તેથી પંચો રૂબરૂ તેનું નામઠામ પુછતા પોતે પોતાનું નામ આમદભાઇ હુશેનભાઇ ખલીફા, રહે.અંજાર વાળો તે ટેન્કરનો ચાલક હોવાનું જણાવેલ અને આરોપી નં.૨ તેનું નામઠામ પુછતા પોતે પોતાનું નામ મહેન્દ્રસિંહ ચનુભા જાડેજા, રહે.તારાણા ગામ, તા.જોડિયા વાળા હોવાનું જણાવેલ, સદરહું જગ્યાની ઝડતી તપાસ કરતા હાજર ઇસમના કબ્જામાંથી એક મહીન્દ્રા કંપનીનું ટેન્કર જેનો રજી. નંબર: જીજે–૧૨–બી.ડબલ્યુ–૭૦૪૮, જેની કિં.રૂા.૨૦,૦૦,૦૦૦/–, ટેન્કરના પાંચ ખાનામાં ભરેલ ડિઝલનો જથ્થો આશરે ૨૯૦૦૦ લીટર જેની કિંમત રૂપિયા ૧૮,૧૧,૦૦૦/– ગણી, એક પ્લાસ્ટીકની નળી એમ મુદ્દામાલ કબ્જે લીધેલ જે મતલબની આંક–૩૫ વાળી ફરીયાદ ભગીરથસિંહ અનોપસિંહ જાડેજાનાઓને રજીસ્ટર થવા સુપ્રત કરેલ જેઓએ સદર ફરીયાદને જોડિયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.રજી.નં. ૧૪/૨૦૧૯, રજીસ્ટરે લઇ તેની તપાસ તેઓ તરફ ડેપ્યુટ કરતા તેઓએ તપાસ સંભાળી લીધેલ અને સદર તપાસ દરમ્યાન તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ આંક–૩૩ વાળુ રેઇડ વાળી જગ્યાનું બે પંચોની હાજરીમાં પંચનામું કરેલ તે જ પંચનામું છે જેમાં બે પંચોની તેમજ રૂબરૂ તરીકે તેઓની સહી છે આરોપીઓને અટક કરી, આરોપીઓ વિરૂદ્ધ પુરતા પુરાવા હોય આરોપીઓ વિરૂદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ તથા આરોપીઓને તેઓ જોયેથી ઓળખે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, જામનગરથી કચ્છ જતા વચ્ચે ઘણી બધી હોટલો આવે છે, જામનગરથી કચ્છ જતા રસ્તા વચ્ચે ટ્રકી સતત અવરજવર

રહે છે. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

(૮.૭) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૭૨ થી સાહેદ ગોવિંદભાઇ ભુરાજી ભાટીનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, પાંચ–છ વર્ષ પહેલા નીધી શીપીંગ રોડલાઇન્સમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરતા હતા. તેઓની કંપનીમાં પેટ્રોલ ડીઝલ ભરેલી ગાડીઓ સપ્લાઇનું કામ થતું હતુ. પોલીસે તેઓને જોડીયા ખાતે ડીઝલ કે પેટ્રોલની ચોરી બાબતે બોલાવેલ. ત્યાં તેઓનું નામ સરનામું પુછેલુ અને ચોરી થયેલી કે કેમ તે બાબતે તેઓને કોઇ જાત માહીતી નથી. કોણ ચોરી કરતું હતુ તે હું હાલ યાદ કરીને કહી શકુ કે તે એક ડ્રાઇવર હતો.

ત્યારબાદ સાહેદને ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી અન્ય કોઇ પુરાવો મળી શકેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

(૯) ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લઇ કાયદાકીય જોગવાઇ જોવામાં આવે તો,

**ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૭ – ભારવાહક વગેરે ગુનાહિત વિશ્વાસઘાત કરવા બાબતઃ–**

જે કોઇ વ્યક્તિ, પોતાને ભારવાહક, ગોદીવાળા અથવા વખારવાળા તરીકે કોઇ મિલકત સોંપાયેલી હોય અને તે મિલકત અંગે ગુનાહિત

વિશ્વાસઘાત કરે તેને સાત વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને દંડને પાત્ર પણ થશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦ બી – ગુનાહિત કાવતરાની શિક્ષાઃ–**

(૧) જે કોઇ વ્યક્તિ મોતની, આજીવન કેદની અથવા બે કે તેથી વધુ વર્ષ સુધીની સખત કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાના ઇરાદાથી ગુનાહિત કાવતરામાં સામેલ હોય તેને એવાં કાવતરાં માટેની શિક્ષાની આ અધિનિયમમાં સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવી ન હોય ત્યારે એવા ગુનામાં તેણે દુષ્પ્રેરણ કર્યુ હોય એ રીતે શિક્ષા કરવામાં આવશે.

(૨) જે કોઇ વ્યક્તિ ઉપર જણાવ્યા મુજબ શિક્ષાપાત્ર ગુનો કરવા માટે ગુનાહિત કાવતરાં સિવાયના બીજા ગુનાહિત કાવતરામાં સામેલ હોય, તેને છ મહિના સુધીની બેમાંથી કોઇ પ્રકારની અથવા દંડની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**(૧૦)** ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો, સૌ પ્રથમ આ કામે રજુ થયેલ પંચનામું ધ્યાને લઇએ તો આંક–૩૩ વાળું પંચનામું રજુ થયેલ છે તે પંચનામાનાં પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે જેઓએ પંચનામામાં પોતાની સહી સિવાયની કોઇ હકિકતને સમર્થન કરતા નથી. જેથી પંચનામું પુરવાર થતુ નથી. જેથી સદર કામે રીક્વરી, ડીસ્કવરી તથા સીઝરની કાર્યવાહીમાં શંકા ઉપસ્થિત થાય છે.

આ કામે આંક–૭૨ થી સાહેદ ગોવિંદભાઇ ભુરાજી ભાટીને તપાસેલ છે જેઓ નીધી શીપીંગ રોડલાઇન્સમાં સુપરવાઇઝર તરીકે કામ કરતા હતા તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોઇ ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ છે. તે સિવાયના તમામ સાહેદો

પોલીસ સાહેદો છે જે ફરીયાદીના સાથી કર્મચારી છે જેઓ ફરીયાદને સમર્થનકારી પુરાવો આપે તે સ્વાભાવિક છે.

તપાસ કરનાર અમલદાર દ્વારા સદર વાહનની કોઇ ફોરેન્સીક તપાસ કરાવેલ હોય તેવો કોઇ પુરાવો રજુ થયેલ નથી. ખરેખર સદર વાહનમાંથી ડીઝલ કાઢવામાં આવેલ હતુ તેટલા પ્રમાણનું ડીઝલ વાહનમાં ઓછુ હતુ તે બતાવતો કોઇ પુરાવો રજુ થયેલ નથી. તપાસ કરનાર અમલદારે કબ્જે કરેલ ડીઝલ તથા વાહનમાં રહેલ ડીઝલ બંન્ને એક જ છે તે દર્શાવતો કોઇ ફોરેન્સીક રીપોર્ટ રજુ થયેલ નથી.

આ કામે ટેન્કર માલીક કે ડીઝલ ખરીદનારનું કોઇ નિવેદન લીધેલ નથી. ટેન્કરના માલીક દ્વારા કે ડીઝલ ખરીદનાર દ્વારા ડીઝલ કાઢેલ હોઇ તે બાબતે કોઇ ફરીયાદ કરેલ નથી. જેથી આરોપી સામે આક્ષેપાયેલ ગુનાહિત વિશ્વાસઘાત કોની સાથે થયો છે તે સાબિત થતુ નથી. જો કોઇ વ્યક્તિ સાથે ગુનાહિત વિશ્વાસઘાત થયો હોત તો તે તેઓ ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોત. ફરીયાદપક્ષ દ્વારા કોઇ વ્યક્તિ દ્વારા મિલકતની સોંપણી સાબિત કરી શકેલ નથી કે કઇ વ્યક્તિ સાથે શું અને કેવી રીતે વિશ્વાસઘાત કરવામાં આવેલ છે તે હકિકત સાબિત કરી શકેલ નથી તેમજ સદર કામે ગુનાહિત કાવતરૂ કોણે, ક્યારે અને કેવી રીતે રચ્યુ હતુ તેવો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૭, ૧૨૦બી મુજબના ગુનાના આવશ્યક તત્વો સાબિત થતા નથી.

સદર બનાવ વખતે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને લોકોની સતત અવર જવર વાળો વિસ્તાર છે. સદર જગ્યાએ ઘણા બધા વાહનો ઉભા રહેતા હોય છે તથા માણસો પણ હાજર હોય છે. પરંતુ તપાસ કરનાર અમલદાર દ્વારા બનાવવાળી જગ્યાએ બનાવ નજરે જોનાર કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. આ તબક્કે ***૨૦03, એસ.એ.આર.***

***(ક્રિમિનલ),૪૨૭*** પરનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો આ ચુકાદામાં ભારતીય પુરાવાના કાયદાની કલમ–૨૭ ની ચર્ચા કરતાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, સ્વતંત્ર પંચ સાહેદોથી સમર્થન મળવુ જોઇએ. પોલીસ સાહેદો રસ ધરાવતા સાહેદો હોય તેઓના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ ન હોય, આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપી સામેના તહોમતનામા મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૦૭, ૧૨૦બી મુજબનો સજા અને દંડને પાત્ર ગુન્હો કર્યાની હકિકતને સાબિત કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નંબર–૧નો ઉત્તર નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**૧.** આ કામના આરોપી નંબર (૧)આમદભાઈ હુસેનભાઈ ખલીફા રહે. ઝુપડપટ્ટી, અંજાર, તા.અંજાર, જિ.કચ્છ તથા આરોપી નંબર (૨)મહેન્દ્રસિંહ ચનુભા જાડેજા રહે. તારાણા ગામ, તા.જોડીયા, જિ.જામનગરવાળાઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આઈ.પી.સી. કલમ–૪૦૭, ૧૨૦બી મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીઓની હાજરી સહેલાઈથી મળી રહે તે સારુ આરોપીઓએ રૂ.૫૦૦૦/–ના જાત જામીન તથા મુચરકા રજુ કરવા તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

**3.** મુદ્દામાલ પાવતિ નં.૧૬/૧૯ના આર્ટીકલ નંબર–૧ પ્લા. ના કેનમાં ભરેલ ડીઝલ તેની માલીકી અંગેની ખરાઈ કરી મુળ માલીકને પરત કરવુ તથા આર્ટીકલ નંબર–૨ વાળી નળીનો અપીલ સમય બાદ નાશ કરવો તથા આર્ટીકલ નંબર–૩ મુદામાલ વાહન અંગે અગાઉ વચગાળાનો હુકમ કરવામાં આવેલ તે યથાવત રાખવામાં આવે છે તથા આર્ટીકલ નંબર–૪ વાળા મોબાઈલની માલીકી અંગેની ખરાઈ કરી મુળ માલીકને પરત કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૫ મીં, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા

તારીખ: ૧૫/૦૪/૨૦૨૬.

**(કુ.એમ.એચ.મકવાણા)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જોડીયા, જિ.જામનગર
GJ01523

બી.કે.બળદા, ગુજ.સ્ટેનો.ગ્રેડ–૩